---

**વાગરાના મે. એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,મુ.વાગરા**

---

**<u>ફોજદારી કેસ નંબર :– ૩૩૭૩/૨૦૨૨</u>**

આંક :–

<u>ફરીયાદી</u> :– શ્રી સરકાર.........

–:: **<u>વિરૂધ્ધ</u>** ::–

<u>આરોપી</u> :– **ફયાઝ અબ્દુલ રહીમ રઘા,**
રહે : આછોદ, તા.આમોદ,જી.ભરૂચ.

<u>ગુનો</u> :– **<u>ઈ.પી.કોડની કલમ– ૨૭૯ મુજબ.</u>**

// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.પી.શ્રી જે.જી.વસાવા //
// આરોપી તરફે વિ.વ.શ્રી //

–:: **<u>ઠ રા વ</u>** ::–

૧. આ કામના આરોપી સામે ઈ.પી.કોડ ની કલમ–૨૭૯ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેનો આરોપ છે. સદર કામે આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થતાં અને આરોપી તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૩. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીએ તેની ગુના કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે, તેઓ ગરીબ માણસ છે, કુટુંબનો આધાર તેમના એકલા ઉપર છે અને તેઓ મજુરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે, તેમનો પ્રથમ ગુનો છે તેમજ મૌખિક રજુઆતમાં તેઓની ઉપર દયા કરવા વિનંતી કરેલ છે. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છિક રીતે કબુલ કરતો હોઈ, આરોપીની સ્વૈચ્છિક ગુના

કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખી સદરહુ ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

૧. આ કામના આરોપી **ફયાઝ અબ્દુલ રહીમ રધા,** રહે : આછોદ, તા.આમોદ,જી.ભરૂચ ને ક્રિ. પ્રો. કોડની કલમ- ૨૫૨ અન્વયે તેની સામેના ઈ.પી.કોડની કલમ-૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને ઈ.પી.કોડની કલમ-૨૭૯ મુજબના ગુન્હા અન્વયે રૂા.૧૦૦૦/-અંકે રૂપિયા એક હજાર પુરા દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૧૦(દસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજ તારીખ: ૧૨ મી, માહે: નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૧૧/૨૦૨૨

**(વિશાલ પી. મહેતા)**
અધિક જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, વાગરા
**U.I.C.** NO.GJ01538